© AJH 2024 | Vol. 06, Issue 02, July – December 2024

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# જામ દિગ્વિજયસિંહજીનું જામનગરમાં શિક્ષણક્ષેત્રે પ્રદાન

**જીગ્નેશ પી. કટારા**

Ph.D. Research Scholar, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ,

માર્ગદર્શક : ડૉ. વિક્રમસિંહ અમરાવત

***Abstract***

*જામનગરના ઇતિહાસમાં જામ રાજાઓમાં જામ રણજીતસિંહ એકમાત્ર અપરણિત રાજવી હતા તેમનું માનવું હતું કે રાજમહેલના જનાનાની ખટપટો અને સંતાનોના ગાદી વારસના ઝઘડા વિશે જાણી સાંભળીને તેમણે પરણવાનું જ માંડી વાળ્યું હતું. અપરણિત હોવાથી તેમના ભાઈ જુવાનસિંહના પુત્ર દિગ્વિજયસિંહજીને તેમણે દત્તક લીધા હતા. જામ દિગ્વિજયસિંહજી એ પ્રારંભિક શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલેજમાં લીધું હતું રાજકુમાર કોલેજ માંથી પ્રાપ્ત થયેલું ભાથુ તેમણે વિદેશ અભ્યાસમાં ખૂબ જ કામ લાગેલું. તેમના પર પાશ્ચાત્ય સંસ્કૃતિની ખૂબ જ મોટી અસર પડી હતી.જે તેમને જામનગરના વિકાસ અર્થે ઉપયોગ કર્યો હતો.*

*જામ શ્રી દિગ્વિજયસિંહજી સત્તા ઉપર આવ્યા બાદ આયુર્વેદ કોલેજ શ્રી ડી કે વી કોલેજ સજુબા ગર્લ્સ હાઇસ્કુલ પુસ્તકાલયનો ઉદ્ઘાટન વગેરે જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી હતી પોતાની પ્રજાસ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે શાળા મહાશાળાઓ સ્થાપવામાં આવી.જામ રણજીતસિંહની જેમ જ દિગ્વિજયસિંહજી એ પણ શિક્ષણની પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો. આમ જામ દિગ્વિજયસિંહજી એક પ્રજાવત્સલ રાજવી સાબિત થયા હતા.*

***Keywords:***
*જામ દિગ્વિજયસિંહજી, શિક્ષણ, પ્રજાવત્સલ રાજવી*

## પૂર્વભૂમિકા:

નવાનગર રાજ્ય સૌરાષ્ટ્રના પશ્ચિમ કાંઠે આવેલું છે. આ નગર નાગમતી અને રંગમતી નદીઓના સંગમ ઉપર સ્થપાયું હતું. નવાનગરની સ્થાપના પહેલા જ્યાં બે નદીઓનો સંગમ

સ્થાન છે ત્યાં સમુદ્ર હતો. આ સ્થળે નાગના બંદર હતું જામ રાવણે આ બંદર જેઠાવંશના રાજા નાગ જેઠવાનો વધ કરીને જીતી લીધું હતું.

જામ રાવળ જેમ જેમ પ્રદેશો જીતતા ગયા તેમ તેમનો રાજ્ય વિસ્તાર વધતો ગયો. જામ રાવળ સૌપ્રથમ બેડ માં અને ત્યારબાદ ખંભાળિયા રાજધાની બદલી હતી. રાજધાની ખંભાળિયા રહે તો કાલાવડ, આમરણ, જોડિયા, પરગણા ઘણા દૂર રહી જાય પરિણામે વહીવટ મુશ્કેલ બને તેથી જામ રાવળ એક મધ્યસ્થ રાજધાની ની જરૂર જણાય જેથી વિક્રમ સંવત 1596 ના શ્રાવણ સુદ આઠમ અને બુધવારે રંગમતી અને નાગમતી ના કિનારે જામ રાવણે જામનગર વસાવ્યું. જાડેજા વંશના રાજવી જામ રાવળ પછી અનેક રાજવી ગાદી પર આવતા ગયા. જેથી જે તે સમય પ્રમાણે નવાનગર રાજ્યમાં ફેરફાર થતા ગયા. જામ વિભાજી થી નવાનગરમાં આધુનિકીકરણની શરૂઆત થઈ. તેમાંથી જામ રણજીતસિંહજી એ પ્રેરણા લઈને જામનગરની કાયાપલટાવી દીધી હતી. આમ રણજીતસિંહના સમયમાં અનેક સુધારા થયા હતા રણજીતસિંહ અપરણિત હોવાથી તેમના ભાઈ જુવાનસિંહ ના પુત્ર દિગ્વિજયસિંહજીને તેમણે દત્તક લીધા હતા. તેઓ જામનગરની ગાદી પર બેઠા. જામ દિગ્વિજયસિંહજીના પૂર્વજોના કાર્યની તેમના પર ઊંડી અસર પડી હતી.

**જામ દિગ્વિજયસિંહજીનો રાજ્યકાળ: ( ૧૯૩૩ થી ૧૯૪૮ )**

જામ દિગ્વિજયસિંહજીએ બાળપણથી રાજકોટના સંસ્કાર પ્રાપ્ત કર્યા હતા. તેમને શિક્ષણને નવી દિશા આપી હતી ઈ.સ 1933-34 એપ્રિલને ચૈત્રવદ ચારને શુક્રવાર જામ શ્રી દિગ્વિજયસિંહજી નું રાજતિલક કરવામાં આવ્યું હતું  તેમના દિવાન પારસી ખાન બહાદુર મહેરબાનજી હતા. તેમજ તેમના રેવન્યુ સેક્રેટરી તરીકે નડિયાદના પાટીદાર ગોકળભાઈ બાબુભાઈ દેસાઈ હતા. જામશ્રી દિગ્વિજયસિંહજી એ નવાનગર રાજ્યની જવાબદારી પોતાના માથે લીધી. ઈ.સ 1933 માં જામ દિગ્વિજયસિંહજીએ વેપારી મંડળનું ઉદ્ઘાટન કર્યું હતું. વેપારીઓ દ્વારા તેમને માનપત્ર આપી સન્માન કર્યું હતું. આથી જામશ્રી દિગ્વિજયસિંહજીને આપવામાં આવેલો કલાત્મક માનપત્ર ચાંદીનો હતો તે જામનગરના છેલભાઈની કામગીરીના ઉત્તમ નમુના રૂપ હતો.

સ્વતંત્ર સૌરાષ્ટ્ર રાજ્યની રચનામાં જામશ્રી દિગ્વિજયસિંહજીનું મહત્વનું યોગદાન હતું તેમની સલાહ અને માર્ગદર્શન મેળવીને સૌરાષ્ટ્રના મોટાભાગના રાજ્ય ભારત સંઘ સાથે જોડાવા સંમત થયા હતા. સૌરાષ્ટ્ર ના સ્વતંત્ર રાજ્યની રચના 15-2-1948 ના જામનગરમાં જાહેર કરાઈ હતી. દિગ્વિજયસિંહજી સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ રાજપ્રમુખ બન્યા હતા. બંધારણ સભાની બેઠક માટેના સ્થળની રાજકોટમાં પસંદગી કરવામાં આવી હતી આ સમય દરમિયાન રાજકુમાર કોલેજની નાણાકીય સ્થિતિ સારી ન હોવાથી તે બંધ કરવી કે ચાલુ રાખવી તે એક ગંભીરતાપૂર્વક વિચારણા થઈ હતી ત્યારે રાજકુમાર કોલેજના ભાવસિંહજી હોલમાં સૌરાષ્ટ્રનું બંધારણ સભાની બેઠકો રાખવાનું લગભગ નક્કી થઈ ગયું હતું. સૌરાષ્ટ્રના રાજ પ્રમુખ જામસાહેબ દિગ્વિજયસિંહજી હતા તે રાજકુમાર કોલેજના ટ્રસ્ટી હતા અને માર્ગદર્શક હતા. આજે પણ રાજકુમાર કોલેજમાં દિગ્વિજયસિંહજી વિંગ અસ્તિત્વમાં છે. જામ દિગ્વિજયસિંહજીએ કોઈપણ સંજોગોમાં રાજકુમાર કોલેજ બંધ નહીં થાય તેવી ખાતરી આપી હતી.

જૂનાગઢ રાજ્ય પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી ત્યારે જૂનાગઢની પ્રજાએ આરજી હકુમત દ્વારા એક લોક લડત પૂરી પાડી હતી. જે સંગ્રામ ખેલાયો તેમાં દિગ્વિજયસિંહજીએ ટેકો આપ્યો હતો. જૂનાગઢની શરણાગતિ પછી સરદાર વલ્લભભાઈ પટેલે નવેમ્બર 1947 ના સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર નો સંકલ્પ કર્યો ત્યારે પણ જામશ્રી દિગ્વિજયસિંહજીએ સૌપ્રથમ પોતાના તરફથી રૂપિયા એક લાખના ફાળાની જાહેરાત કરી હતી.

જામ દિગ્વિજયસિંહજીએ વહીવટી, ઇજારા પદ્ધતિ, વેપાર ઉદ્યોગ, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર, પ્રજા કલ્યાણ ની નીતિ, શિક્ષણ વગેરે જેવા અનેક પ્રજાલક્ષી કર્યો કર્યા હતા. જેના પરિણામે તેઓ તેમની પ્રજામાં લોકપ્રિય બન્યા હતા.

**જામ દિગ્વિજયસિંહજીના સમયમાં શિક્ષણનો વિકાસ**

જામ વિભાજીના સમયમાં જામનગરમાં શિક્ષણ પ્રત્યે વિશેષ રુચિ દાખવી હતી. જામ રણજીતસિંહ ના સમયમાં જામનગરમાં આધુનિક વિકાસ થયેલો હતો. જામનગરમાં સંસ્કૃત પાઠશાળાઓ આવેલી હતી તેથી જામનગરને છોટી કાશી તરીકે ઓળખવામાં આવતું હતું.

દિગ્વિજયસિંહજીના સમયમાં પણ આ પાઠ શાળાઓ નું મહત્વ જળવાઈ રહેલું હતું. સંસ્કૃત પાઠશાળામાં આયુર્વેદ, કર્મકાંડ, વ્યાકરણ, વેદાંત, પુરાણ, ધર્મશાસ્ત્ર, વેદ વગેરે વિષયો કાશી અને કલકત્તા પ્રમાણે શીખવવામાં આવતું હતું.

19મી સદીના અંતમાં અને 20મી સદીની શરૂઆતમાં સંસ્કૃત ભાષાના શિક્ષણ ક્ષેત્રે જામનગર નું નામ ગુજરાત ભરમાં જાણીતું હતું.

**આયુર્વેદ કોલેજ**

જામ દિગ્વિજયસિંહજી ના પિતા મહારાજ શ્રી જુવાનસિંહજી દાજી બાપુ તરીકે ઓળખાતા. તેઓ આયુર્વેદના જાણકાર હતા. તેમણે અનેક દર્દીઓના દર્દ મટાડ્યા હતા. જુવાનસિંહજી ની આવી સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રેરાઈને જામ દિગ્વિજયસિંહજીના મહારાણી શ્રી ગુલાબકુવરબાના મનમાં વિચાર આવ્યો અને આયુર્વેદ તરફ સંશોધન કરાવવા યોગદાન આપવાનું વિચાર્યું. આ વિચાર તે વખતના ડોક્ટર શ્રી પ્રાણજીવન માણેકચંદ મહેતા સમક્ષ રજૂ કર્યો. અંતે ઇ.સ 1940 થી 1942ના સમયગાળા દરમિયાન સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ 1860 હેઠળ શ્રી ગુલાબકુવરબા વૈદિક સોસાયટી ની સ્થાપના કરાવીને જ તેઓ ઝંપ્યા. જામનગરમાં આવું અદભુત આયુર્વેદનો આરંભ થયો. શ્રી ગુલાબકુવરબા આયુર્વેદ સોસાયટીની શરૂઆતમાં આયુર્વેદ શાસ્ત્ર લુપ્ત થતો હતો. તેથી દેશભરમાંથી પ્રખર વૈધરાજો ને બોલાવી સાહિત્ય બચાવવામાં આવ્યું. દેશભરમાંથી સંસ્કૃતના ગ્રંથો એકત્ર કરવામાં આવ્યા. જેમાં 'ચરક સંહિતા'નો છ ભાગમાં અનુવાદ કરવામાં આવ્યો. આયુર્વેદના ગ્રંથો ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી ભાષામાં કરવામાં આવ્યા. આ રીતે વિવિધ પ્રવૃત્તિઓમાં આયુર્વેદ શિક્ષણ સંસ્થાની શરૂઆત હાલની ધનવંતરી મંદિરની ઇમારતમાં ઇ. સ 1944 ના વર્ષે શિલારોપણથી થઈ હતી. મહા વિદ્યાલય શ્રી ગુલાબકુવર આયુર્વેદ મહાવિદ્યાલય નો ઈ.સ 1946 માં શુભારંભ કરવામાં આવ્યો.

**શ્રી ડી.કે.વી કોલેજ**

જામનગર જિલ્લામાં સ્વતંત્રતા પછી પણ એક પણ સાયન્સ કોલેજ ન હતી. એવા સમયે શિક્ષણશાસ્ત્ર એવા ડોલરરાય માકડ એ જિલ્લામાં સૌપ્રથમ 1950 ની સાલમાં અલિયાબાડા ખાતે

ગ્રામ્ય આદર્શ મુજબ ગંગાજળા વિદ્યાપીઠની સ્થાપના કરી. જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે ની ફરજ સંભાળતા હતા. એ પછી શિક્ષણની દ્રષ્ટિએ સંસ્થાની સ્થાપના કરવા માટે જામનગર ખાતે દોશી કાલિદાસ વીરજીના રૂપિયા 20 લાખના દાનથી અને જામ શ્રી દિગ્વિજયસિંહજીના ભૂમિદાન વડે ઇ.સ 1955માં શ્રી ડી.કે.વી આર્ટસ અને સાયન્સ કોલેજ ની ઈમારતનો શીલારોપણ વિદ્યા ભારતની મહાન વિભૂતિ એવા ઉપરાષ્ટ્રપતિ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનને હસ્તે કરવામાં આવ્યો હતો.

**સજુબા ગર્લ્સ હાઇસ્કુલ**

જામ રણજીતસિંહજી ના માતૃશ્રી સજુબા મહારાણીની યાદમાં વિલીંગ્ડન ગર્લ્સ હાઇસ્કુલ ઇ.સ 1936 ના રોજ આરંભ થયો. તે સમયે જામ રણજીતસિંહજી નું સ્વપ્ન આ શાળાનું બાંધકામ પૂર્ણ કરવાનો હતો જે સપનું જામ શ્રી દિગ્વિજયસિંહ કર્યો હતો આ સમયે શુભ પ્રસંગ પર ઉપસ્થિત રહેલા મહાનુભાવો તે સમયના હિન્દુસ્તાનના અને ગવર્નર જનરલ વિલીંગ્ડન, જામ શ્રી દિગ્વિજયસિંહજી, મહારાણી શ્રી ગુલાબકુંવરબા, મહારાજ શ્રી જુવાનસિંહજી, નવાનગર રાજ્યના પારસી દિવાન વગેરે હાજર રહ્યા હતા. મહારાણી સાહેબ શ્રી ગુલાબકુવર જ્યારથી જામનગર આવ્યા હતા ત્યારથી શિક્ષણમાં સતત રસ દાખવ્યો હતો. તેમના માર્ગદર્શન અને સૌજન્ય પૂર્ણ વડીલત્વના કારણે રાજ્યમાં સ્ત્રી શિક્ષણની પ્રગતિ સંતોષકારક રહી હતી.

**ધી દિગ્વિજયસિંહજી ન્યુ ઈંગ્લીશ સ્કુલ**

જામ શ્રી દિગ્વિજયસિંહજીના શાસનકાળમાં આ સ્કૂલ ઈ. સ 1938 માં શરૂઆત થઈ હતી ત્યાર પછી ઇ.સ 1947 ના પ્રારંભના વર્ષ સુધીમાં ફક્ત આવી બે જ સંસ્થાઓ હતી. દિગ્વિજયસિંહજી ન્યુ ઈંગ્લીશ સ્કૂલ ખંભાળિયા ગેટ બહાર આજે પણ અસ્તિત્વ ધરાવે છે. જે ન્યુ સ્કૂલ ના નામે ઓળખાય છે. ઇ.સ 1939 માં મહારાજા દિગ્વિજયસિંહજીને ત્યાં કુમાર શત્રુશલ્ય સિંહજી નો જન્મ થતાં તેની ખુશીમાં ન્યુ સ્કૂલ અને વિભાજી સ્કૂલ બંને ખાનગી શાળાઓનું સંચાલન નવાનગર સ્ટેટે સંભાળેલુ અને આઝાદી બાદ આ બંને શાળાઓ રાજ્ય સરકાર હસ્તક રહેલ છે.

**પુસ્તકાલયનું ઉદ્ઘાટન**

જામ શ્રી દિગ્વિજયસિંહજીના હસ્તે શ્રી જૈન આનંદ જ્ઞાન મંદિર નામનું પુસ્તકાલય ઇ.સ 1936 ના રોજ દેવબાગના મકાનમાં ખુલ્લો મુકવામાં આવ્યું હતું. જેમાં જૈન પ્રાચીન પુસ્તક ભંડારો અપ્રાપ્ય અને દુર્લભ ગ્રંથો એકઠા કરવાનો જૈન મુનિ શ્રી આનંદ સાગરસૂરીનો કાર્ય અવિસ્મરણીય છે. તેઓ એ જૈન આગમોનું સંકલન અને સંપાદન કાર્ય કરેલ છે. તેને પુસ્તકાલયમાં મૂકવામાં આવ્યા હતા. આ પુસ્તકાલયમાં સાડા ત્રણસો હસ્તપ્રતો, બે હજાર ચારસો અન્ય પ્રત અને ત્રણ હજાર આઠસો પુસ્તકો છે. પ્રત્યેક વર્ષે લાભ પાંચમના દિવસે આ પુસ્તકોનું પ્રદર્શન ગોઠવાય છે આમ્ જ્ઞાનની વૃદ્ધિમાં પુસ્તકાલય નો મહત્વનો ફાળો આપ્યો છે અને આઝાદી તરફ પ્રયાણ કરતી પ્રજાના જન માનસમાં ક્રાંતિકારી વિચારો પેદા કર્યા છે.

**અન્ય કાર્યો**

જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ ઇ.સ 1933 માં રાજ્યરોહણ બાદ જામ શ્રી રણજીતસિંહજી ની મહેચ્છા અનુસાર નવાનગરના સ્થાપક શ્રી જામ રાવળ ના પૂતળાનું નિર્માણ ઇ.સ 1934 માં સ્થાપિત કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્રની શાળાઓમાં એક સરખો અભ્યાસક્રમ રાખી નૂતન યુગ ની ઝાંખી થાય તથા નવા રાષ્ટ્રીય અભિગમોથી બાળકો પરિચિત થાય તે માટે રાજ્ય લેખકો પાસે સુરૂચીપૂર્ણ ઉપયોગી પુસ્તકો લખાવ્યા હતા. સૌરાષ્ટ્ર સરકારે લેખકોને પ્રોત્સાહન આપવાની યોજના હતી. જેમાં સંશોધનને પ્રોત્સાહન આપવાના હેતુથી 1949 માં સૌરાષ્ટ્ર સંશોધન મંડળની સ્થાપના કરવામાં આવી હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સૌરાષ્ટ્રના પ્રાકૃતિક તથા સામાજિક વિજ્ઞાન ના તત્કાલીન પ્રશ્નો અંગે આધારભૂત સંશોધનને પ્રોત્સાહન આપવું, પછાત વર્ગના જીવન ઈતિહાસ અને રીતિ રિવાજ અંગે સંશોધન માટેની તથા તેમના ઉત્તર માટેની સગવડો પૂરી પાડવી, સમય કો પુસ્તકો વ્યાખ્યાનો કે ફિલ્મો દ્વારા સંશોધનના અહેવાલો ભારતીય ભાષામાં પ્રસિદ્ધ કરી તેને લોકપ્રિય બનાવવા, વિદ્યાર્થીઓને સંશોધન પદ્ધતિ અંગે સલાહ અને મદદ આપવી.

જામ શ્રી દિગ્વિજયસિંહજીએ બિનસાંપ્રદાયિકતા નો ઉદાહરણ પૂરું પાડ્યું હતું તેમણે દરબાર ગઢની બાજુમાં ઈદ મસ્જિદ રોડ પર નજીવી ની કિંમત જમીન આપતા વિશાળ ચોગાન બનાવીને ભોપાલની ઇદગાહ મસ્જિદ જેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જામ શ્રી દિગ્વિજયસિંહજીના પત્ની ગુલાબકુંવરબાના નામ પરથી 'ગુલાબનગર' નામનું નગર ઉભુ કરવામાં આવ્યું. જે અનેક સુખ સુવિધાઓથી સંપન્ન હતું. વર્તમાન સમયે જામનગરમાં પ્રવેશતા જ પહેલા આવે છે. આ ઉપરાંત જામ રણજીતસિંહજી ના નામ પરથી 'રણજીત સ્નાનાગાર' લાખોટા તળાવની પાસે દિગ્વિજયસિંહજીના સમયમાં બનાવવામાં આવેલું. આમ આવા અનેક બાંધકામ કર્યો તેમણે કર્યા હતા.

જામ શ્રી દિગ્વિજયસિંહજીએ પોતાના રાજ્યની જનતા શિક્ષણથી વંચિત ન રહી જાય એ માટે અનેક શાળા, મહાશાળા, વિદ્યાલય બંધાવી તથા આરોગ્યની દ્રષ્ટિએ યાદ કરીએ તો આયુર્વેદ કોલેજ, સોલરિયમ વગેરે ક્ષેત્રે મહત્વનો ફાળો આપીને જામનગરની પ્રજાના હૃદય માં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**ઉપસંહાર:**

જામ શ્રી દિગ્વિજયસિંહજીના કાર્યની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. સૌરાષ્ટ્ર રાજ્યના રાજ પ્રમુખ અને ઇ.સ 1956માં દ્વિભાષી રચાયેલા મુંબઈ રાજ્યના વિલીનીકરણ સુધી તે પદ પર સ્થિર રહેલા. અંતે ઇ.સ 1966 માં 3 ફેબ્રુઆરીના રોજ દિગ્વિજયસિંહજીનું નિધન થયુ. જામનગરની જનતા એક ઊંડા શોકમાં ડૂબી ગઈ. એક શાસક અને વહીવટ કરતા એ કાયમ માટે વિદાય લીધી. વાતાવરણ શોકમય બની ગયું. જામ દિગ્વિજયસિંહજી 70 વર્ષ જેટલું જીવીને જામનગરની પ્રજા ના હૃદયમાં હર હંમેશા સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જામનગર રાજ્યના છેલ્લા રાજવી તરીકે તેમણે એક રાજાના જે ઉમદા ગુણ હોવા જોઈએ તે જામસાહેબ દિગ્વિજયસિંહજીમાં હતા. જામ સાહેબ દિગ્વિજયસિંહજી એક માર્ગદર્શક સક્ષમ રાજવી અને પ્રજા વત્સલ વહીવટ કરતા સાબિત થયા છે.

**સંદર્ભગ્રંથો :-**


1. માધવાણી રતિલાલ, જામનગરની યશગાથા, જામનગર,૧૯૮૩
2. જોષી હરકિશન, નગર નવાનગર જામનગર, દ્વિતીય આવૃત્તિ,૧૯૯૪
3. રતનું માવદાનજી ભીમજીભાઈ, યદુવંશ પ્રકાશ અને જામનગર નો ઇતિહાસ, ૧૯૩૪
4. જાની એસ.વી, સૌરાષ્ટ્ર નો ઇતિહાસ, બીજી આવૃત્તિ, ૨૦૦૭
5. માકડ ડોલરાય, જામનગર નો ઇતિહાસ, ૧૯૭૨
6. જોષી હરિવદન શાંતિલાલ, જામનગર મારુ: ગઈકાલ અને આજ,પ્રથમ આવૃત્તિ, ૨૦૦૪
7. શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-૯ ભો.જે વિદ્યાભવન અમદાવાદ,૧૯૯૭
8. ખાચર પ્રદ્યુમન, કાઠીયાવાડ સર્વસંગ્રહ, જુનાગઢ,૧૮૮૬
9. દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ, તારીખે સોરઠ વ હાલાર, ૧૯૭૮
10. Jamnagar District Gazatteer